GJSN030008372022

Presented on : 13-10-2022
Registered on : 13-10-2022
Decided on : 20-11-2025
Duration : 3 years, 1 months, 7 days

**IN THE COURT OF**
**ADDI CIVIL JUDGE & J.M.F.C AT LIMBDI,SURENDRANAGAR**
**Presided Over by MR.M.R.TRIVEDI**

**RCS/221/2022**

**Exhibit No.: 54**

Plaintiff:
P.G.V.C.L. LIMBDI RURAL Sub Division
Age: 0
Occupation :
Address: P.G.V.C.L. LIMBDI RURAL Sub Division

VERSUS

Defendant:
GHANSHYAMSINH VAJUBHA BORANA
Age: 55
Occupation :
Address: SHIYANI RAJPUT SHERI TA.LIMBDI

---

Advocate for Plaintiff: K B SHAH
Advocate for Defendant: K D RAVAL appearing for GHANSHYAMSINH VAJUBHA BORANA: Advocate appearing for respectively.

---

**Claim : Suit for recover of money in electricity theft.**

**JUDGMENT**
**(Delivered on 20-11-2025)**

(૧) સદર કામે વાદી કંપનીનાએ કરેલ દાવા અરજીની ટુંકમાં વિગત એવી છે કે, વાદી ગુજરાત વિદ્યૃત બોર્ડ ઈલેકટ્રીકસીટી સપ્લાઈ એકટની કલમ–૫ મુજબ રચાયેલ બોર્ડ હતુ, ગુજરાત ઈલેકટ્રીકસીટી રીઓર્ગેનાઈઝેશન એન્ડ રેગ્યુલેશન એકટ–૨૦૦૩ અન્વયે ગુજરાત રાજયે ગુજરાત ઈલેકટ્રીકટીસીટી બોર્ડની પુન:રચના કરેલ છે તેમજ ગુજરાત સરકારે આ હેતુ માટે ગુજરાત ઈલેકટ્રીકસીટી ઈન્ડસ્ટ્રીઝ રીઓર્ગેનાઈઝેશન એન્ડ ટ્રાન્સફર સ્કીમ ૨૦૦૩ તથા ગુજરાત ઈલેકટ્રીકસીટી એન્ડ કોમ્પ્રેસીવ ટ્રાન્સફર સ્કીમ ૨૦૦૩ના નોટીફીકેશન બહાર પાડેલ છે. આ કાયદા તથા નોટીફીકેશન નીચે ગુજરાત વિદ્યૃત બોર્ડની તમામ મિલ્કતો જવાબદારીઓ કાર્યવાહી લેણુ દેણુ જુદી–જુદી કંપનીની રચના થતા સુરેન્દ્રનગર જીલ્લાની બોર્ડની કચેરીનુ પશ્રિમ વિજ કંપની લી.નુ ટ્રાન્સફર કરવામા આવેલ છે. જેથી ઉપર જણાવેલ રકમ વાદીને ટ્રાન્સફર થયેલ હોય દાવાવાળી રકમ પ્રતિવાદી પાસે વસુલ લેવા વાદી હકકદાર છે. વાદી કંપનીની મુખ્ય ઓફીસ રાજકોટ મુકામે આવેલ છે અને ગ્રામ્ય સબ ડીવીઝન, લીંબડી મુકામે આવેલ છે. પ્રતિવાદી વાદી કંપનીના ગ્રાહક નહી હોવા છતા ડાયરેકટ વીજ જોડાણ કરી બીનઅધિકૃત રીતે પાવર ચોરી કરતા હોય વાદી કંપનીના ચેકીંગ અધિકારીઓએ તારીખ ૧૨/૦૧/૨૦૨૨ ના રોજ ચેકીંગ કરતા વાદી ૧૫૧૭૪ વોટ લોડ વાપરતા ગેરકાયદેસર રીતે પકડાયેલ છે. વાદીએ પ્રતિવાદીને રૂા.૧૨,૨૧,૫૮૦–૨૭ પૈસાનુ પાવરચોરીનુ બીલ મોકલેલ જે બીલની રકમ ભરી જવા જણાવેલ પરંતુ પ્રતિવાદીએ ભરેલ નહી. પ્રતિવાદીને બીલ ભરપાઈ કરવા માટે વારંવાર લેખીત જાણ કરવામા આવેલ તેમ છતા ભરેલ નહી જેથી લીગલ નોટીસ આપેલી તેમ છતા નાણા ભરવાની દરકાર કરેલ નહી. આમ, લેજર મુજબ પ્રતિવાદી પાસે રૂા.૧૨,૨૧,૫૮૦–૨૭ પૈસા બીલના લેણા છે તથા ખાતામા જણાવ્યા મુજબ ડી.પી.સી. ચાર્જના રૂા.૧,૬૮,૦૮૯–૪૫ પૈસા મળી કુલ રૂા.૧૩,૮૯,૬૬૯–૭૨ પૈસા લેણા નીકળે છે જેથી વાદી બોર્ડના નિયમ મુજબ ૧૮ % ના ચડતા વ્યાજ સહીત પ્રતિવાદીની હરેક પ્રકારની જાત તથા મિલ્કતથી વસુલ કરી શકાય તેવુ વાદીના લાભમા અને પ્રતિવાદી સામે હુકમનામુ કરી આપવા વાદીએ હાલનો દાવો કરેલ છે.

(૨) આ કામના પ્રતિવાદીને નોટીસ કરવામા આવેલ જે નોટીસ આ કામના પ્રતિવાદીને ધોરણસર બજી જતા પ્રતિવાદી તેઓના વિ.વ.શ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહી દાવાનો જવાબ રજુ કરવા મુદત માંગેલ ત્યારબાદ મુદત તારીખે પ્રતિવાદી તરફે આંક–૧૨ થી દાવાનો જવાબ રજુ કરેલ છે જેમાં પ્રતિવાદીએ વાદીના દાવાની હકીકતોનો ઈન્કાર કરી પ્રતિવાદી વાદી કંપનીના ગ્રાહક હોવાનો ઈન્કાર કરેલ છે તેમજ વાદી કંપનીના કોઈ ચેકીંગ અધિકારીઓ તેમની ઘરે આવેલ હોવાનો ઈન્કાર કરેલ છે તેમજ પ્રતિવાદીએ કોઈ વીજ ચોરી કરેલ ન હોવા છતા વાદી કંપનીના અધિકારીઓ દવારા ઓફિસમાં બેસી ખોટા બીલ બનાવી, ખોટા પંચનામા કરી, ખોટી નોટીસ આપી દાવો દાખલ કરેલ છે તેમજ વાદીએ પ્રતિવાદીની હાજરીમાંકોઈ ચેકીંગ શીટ ભરેલ ન હોય અને પ્રતિવાદીએ વીજ ચોરી કરેલ હોવાની હકીકત સાબિત થતી ન હોય તેમજ

વાદીના દાવાને સમય મર્યાદાનો બાધ નડતો હોય જેથી દાવો ખર્ચ સહિત રદ કરવા અરજ કરેલ છે.

(૩) આ કામે વાદી તરફથી નીચે મુજબના પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**મૌખિક પુરાવો :–**

| ક્રમ | આંક | વિગત. |
|---|---|---|
| ૧. | ૧૫ | કેયુરભાઈ મડુભાઈ કિશોરી નું સરતપાસનું સોગંદનામુ. |
| ૨. | ૩૧ | વિરભદ્રસિંહ નટુભા ચુડાસમા નું સરતપાસનું સોગંદનામુ. |
| ૩. | ૩૨ | બીજલભાઈ ઈશ્વરભાઈ રંગપરા નું સરતપાસનું સોગંદનામુ. |
| ૪. | ૩૩ | હીતેષભાઈ મુળજીભાઈ સુતરીયાનું સોગંદનામું. |

**દસ્તાવેજી પુરાવો :–**

| ક્રમ | આંક | વિગત. |
|---|---|---|
| ૧. | ૧૭ | ચેકીંગ શીટ |
| ૨. | ૧૮ | રોજકામ |
| ૩. | ૧૯ | એનેક્ષર–૪ |
| ૪. | ૨૦ | એનેક્ષ્ચર–સી |
| ૫. | ૨૧ | પુરવણી બીલનો ફોરવડીગ પત્ર |
| ૬. | ૨૨ | વિજ અધિનીયમ કલમ –૧૩૫ મુજબનુ બીલ |
| ૭. | ૨૩ | પ્રતિવાદી સામે વીજ ચોરી દાખલ કરવા અંગેનો પત્ર |
| ૮. | ૨૪ | પ્રતિવાદી સામે વિજચોરીની ફરીયાદ |
| ૯. | ૨૫ | પ્રતિવાદીને આપેલ લીગલ નોટીસ |
| ૧૦. | ૨૬ | લીગલ નોટીસની સીલ બંધ પરત કવર |
| ૧૧. | ૨૭ | ડી.પી.સી. કેલ્કયુલેશન શીટ |

| | | |
|---|---|---|
| ૧૨. | ૨૮ | પ્રફોર્મા–૧૨ |
| ૧૩. | ૨૯ | સાઈટ વેરીફીકેશન |

(૩.૧) આ કામે પ્રતિવાદી તરફથી નીચે મુજબના પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**મૌખિક પુરાવો :–**

| ક્રમ | આંક | વિગત. |
|---|---|---|
| ૧. | ૪૪ | ધનશ્યામસિહ વજુભા બોરાણા નું સરતપાસનું સોગંદનામુ. |

**દસ્તાવેજી પુરાવો :–**

| ક્રમ | આંક | વિગત. |
|---|---|---|
| ૧. | ૪૬ | શિયાણી ગ્રા.પંચાયત દ્વારા જી.યુ.વી.એન.એલ પો.સ્ટે. ને જવાબ |
| ૨. | ૪૭ | પ્રતિવાદી ની માલિકીની જમીનનો ગ્રામ નમુના નં.૮–અ |
| ૩. | ૪૮ | પ્રતિવાદીની માલીકીની જમીનના ગામનમુના નં.૭ |
| ૪. | ૪૯ | પ્રતિવાદીની માલીકીની જમીનના ગામનમુના નં.૬ |
| ૫. | ૫૦ | પ્રતિવાદી બોરાણા ધનશ્યામસિહ વજુભાઈના આધાર કાર્ડની નકલ |
| ૬. | ૫૧ | પ્રતિવાદીન બાપુજીના નામના ઘરના લાઈટ બીલ ભર્યાની પહોચ |

(૪) આ કામે પ્રતિવાદી તરફથી આંક–પર થી પુરાવો પુરો થયાની પુરસીસ રજુ કરવામાં આવેલ છે, ત્યારબાદ વાદી પક્ષે મોખિક દલીલો પ્રસ્તુત કરવા માટે વારવાર તક આપવા છતા હાજર રહેલ ન હોય વાદીની દલીલોનો હકકબંધ કરવામાં આવેલ. જયારે પ્રતિવાદીના વિ. વકીલશ્રી એ આંક–૫૩ થી લેખિત દલીલ રજુ કરેલ જેની ચર્ચા મુદ્દાની ચર્ચા સાથે સાંકળી લીધેલ છે.

(૫) સદરહું દાવાના ન્યાયીક નિર્ણય સારુ મારા પુરોગામી ન્યાયાધિશશ્રી દ્વારા આંક–૧૪ થી નીચે મુજબના મુદ્દાઓ કાઢવામાં આવેલ છે.

**:: મુદ્દાઓ ::**

1) Whether the plaintiff company proves that the defendant has conducted

electricity theft as claimed in the plaint?

2) Whether the plaintiff Electricity Company proves that the Rs.13,89,669.72/- are due from the defendant?

3) Whether the defendant proves that the notice for recovery & this suit for recovery of amoun Rs.13,89,669.72/- issued for Rs.13,89,669.72/- is not legal & valid ?

4) Whether the plaintiff is entitled to get interest If yes for what amount and which period?

5) What order and decree?

(૬) ઉપરોકત મુદ્દાના મારા ન્યાયીક નિર્ણયો તથા કારણો નીચે મુજબ છે.

1 નકારમાં

2 નકારમાં

3 હકારમાં

4 નકારમાં

5 આખરી હુકમ મુજબ

// **કારણો** //

**મુદ્દા નં. ૧ થી ૮ ની ચર્ચા :-**

(૭) આ કામે વાદી તરફે આંક-૧૫ થી કેયુરભાઈ મડુભાઈ કિથોરી, આંક-૩૧ થી વિરભદ્રહિ નટુભા ચુડાસમા, આંક-૩૨ થી બીજલભાઈ ઈશ્વરભાઈ રંગપરા તથા આંક-૩૩ થી હીતેશભાઈ મુળજીભાઈ સુતરીયા કે જેઓ પ્રતિવાદીના માલીકીના ઘરે વિજ ચેકીંગમાં ગયેલા હતા તે અધિકારીઓના મૌખિક પુરાવામાં સરતપાસના સોગંદનામા તરીકે રજુ કરવામા આવેલ છે. જયારે સદર સરતપાસમાં સાહેદો ધ્વારા વાદીની દાવા અરજીને સંપૂર્ણપણે સમર્થન કરેલ છે. વધુમાં સદર સાહેદોની ઉલટતપાસ ધ્યાને લેવામા આવે તો પ્રતિવાદી પક્ષે સાહેદો ધ્વારા કોઈ વિજ ચેકીંગ કરેલ ન હોવાનુ, ચેકીંગ સમય દરમ્યાન ત્રાહિત વ્યકિતને સાથે રાખેલ ન હોવાનુ તથા ચેકીંગ કરતા સમયે જગ્યાની માલિકી બાબતે ખરાઈ કરેલ ન હોવા બાબતે સવાલ કરી તેમનો બચાવ પ્રસ્તુત કરેલ છે. આમ સદર કામે પણ વાદી હાલનો દાવો લઈને આવેલ છે, જેથી વાદી દવારા કરવામાં આવેલા કથનો મુજબ સદર કામના પ્રતિવાદી ગ્રાહક નહી હોવા છતા વાદી કંપનીની હળવા દબાણની લાઈન માંથી ગેરકાયદેસર વાયર જોડી ચોરી કરતા હોવાના જે કથનો કરેલા છે, તે મુજબ પુરવાર કરવાની જવાબદારી પુરાવા અધિનીયમની કલમ ૧૦૧ થી ૧૦૩ મુજબ વાદીની છે, પરંતુ જે જગ્યામાં પ્રતિવાદીના અધિકારી દવારા રેઈડ કરેલ હોવાના કથનો કરેલા છે તે અધિકારીના પુરાવાથી પણ પ્રતિવાદીના રહેણાંક મકાને કે પ્રતિવાદીના માલીકી કબજા વાળા મકાનમાં રેઈડ કરેલ તેવો પુરાવો નથી, માલીકીનો કોઈ આધાર મેળવી રજુ રાખેલ નથી, તેમજ તપાસણી વાળા દસ્તાવેજમાં પ્રતિવાદીની સહી નથી, વધુમાં પ્રતિવાદી દવારા

આવી ચોરી કરતા રંગે હાથ પકડાયેલા હોવાના જે કથનો વાદી દવારા કરેલા છે તે માટે તપાસણી અહેવાલ તથા રોજકામમાં હાજર વ્યકિત દવારા સહી કરેલ નથી તેમ દર્શાવેલ છે, પરંતુ તે સહી કરવા ઈન્કાર કરનાર વ્યકિત પ્રતિવાદી કે તેમના ઘરના સભ્ય હતા તેવુ પુરવાર કરતો પુરાવો નથી, આમ પ્રતિવાદીની માલીકી કબજાની મિલકતમાં રેઈડ થયેલ હોય અને પ્રતિવાદી વીજ ચોરી કરતા પકડાયેલ હોય તેવો પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી તેમ મારુ માનવુ છે. વધુમાં હાલના કામે પ્રતિવાદી પક્ષે સાહેદોની ઉલટતપાસ દરમ્યાન જે જગ્યાએ રેઈડ કરવામાં આવેલ તેની માલીકી પ્રતિવાદીની ન હોવા બાબતે નો સ્પષ્ટ બચાવ રજુ કરેલ છે. જે અનુસંધાને આ કામે વાદી પક્ષે રેઈડીગ વાળી જગ્યાએ પ્રતિવાદીના માલીકી ની હતી કે કેમ તે બાબતેનો કોઈ ઢોસ આધારપુરાવો પ્રસ્તુત કરેલ નથી. વધુમાં વાદી પક્ષે એવી રજુઆત છે કે પ્રતિવાદી ધ્વારા શીયાળી ગામે ગામના પાછળના ભાગમાં રેતીના ચારણમાં ડાઈરૈક પાવર ચોરી કરેલ છે. પરંતુ સદર પાવર ચોરી કર્યા ઈલેટ્રીક પોલમાંથી કરવામાં આવેલ છે તે ઈલેટ્રીક પોલ નો નંબર કે વિગતો દાવાના કામે રજુ કરવામાં આવેલ નથી. વધુમાં વાદી ધ્વારા વધુ પુરાવામાં પ્રતિવાદીએ સબળ સંઘના ટાન્ફોમર સેન્ટર થી વિજચોરી કરેલ હોવાનુ જણાવે છે પરંતુ સદર ટાન્સફોમર સેન્ટર ના કોઈ દસ્તાવેજી પુરાવાઓ દાવાના કામે રજુ કરવામાં આવેલ નથી. વધુમાં વાદી ધ્વારા પ્રતિવાદીની ઉલટતપાસ દરમ્યાન આંક-૪૭ થી ૪૯ થી પ્રતિવાદીની જમીન માલીકીની સર્વે નં.૧૮૪૩ ના પુરાવાઓ પ્રસ્તુત કરેલ છે. જે દસ્તાવેજ ધ્યાને પ્રતિવાદીની માલીકીની સદર જમીન ખેતી લાયક ઉપયોગમાં રાખેલ હોવાનુ જણાવેલ છે. વધુમાં વાદી ધ્વારા પ્રતિવાદીની ઉલટતપાસમાં સબળ સંઘનુ ટાન્સફોર્મર પ્રતિવાદીના ખેતરે થી આશરે અઢી કી.મી. દુર આવેલ હોવાનુ સામેથી રેકર્ડ પર લાવેલ છે. જેથી તેવા સજોગોમાં વાદી કપનીની દાવા હકીકતો શંકાસ્પદ જણાય આવે છે.

(૮) વધુમાં હાલના કામે વાદી ધ્વારા રજુ કરવામા આવેલ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેવામાં આવે તો આંક-૨૦ થી ૨૩ ના દસ્તાવેજો કોમ્પ્યુટર જનરેટેડ પ્રિન્ટ તરીકે રજુ કરવામાં આવેલ હોય, તેને ભા.પુ.અધિ.ક.૬૫બી મુજબ પુરવાર કરવી અનિવાર્ય છે. તે અનુસંધાને વાદી સંસ્થા ધ્વારા એવો કોઈ પુરાવો પ્રસ્તુત કરેલ નથી. વધુમાં વાદી ધ્વારા આંક-૧૮ થી રજુ કરવામા આવેલ ફોટોની ઝેરોક્ષ સાથે ભા.પુ.અધિ.ક.૬૫બી મુજબનુ સર્ટીફીકેટ રજુ કરેલ નથી. વધુમાં વાદી પક્ષે તપાસવામાં આવેલા સાહેદો ધ્વારા સદર ફોટા કર્યા ફોનથી, કોના ધ્વારા લેવામાં આવેલ તે બાબતેની કોઈ હકીકત તેમની જુબાનીમાં જાહેર કરેલ નથી. જયારે હાલના તબકકે અત્રેની અદાલતને નામ.સુપ્રિમ કોર્ટનું ***SARDAR SAROVAR NARMADA NIGAM LTD. VS. STATE OF GUJARAT*** પેરા નં.૬૪ ધ્યાને લેવો અનિવાર્ય જણાય છે જે નીચે મુજબ છે.

> *64. In the specific context of secondary evidence admitted by the Trial Court by marking exhibits without any foundation for leading the secondary evidence having been laid in the Affidavit in lieu of the Examination in Chief,*

*this Court in* Kalidas v Babaldas*, reported in (1993) 2 GLR 1645 has held that "*Section 65 *of the Indian Evidence Act is clear that that no secondary evidence could have been permitted to be led without laying any foundation therefor as provided under* Section 65 *of the Evidence Act.".*

જયારે વાદી ધ્વારા દાવાના સમર્થનમાં રજુ કરવામા આવેલ દસ્તાવેજી પુરાવાઓ ગૌણ પુરાવા તરીકે રજુ કરેલ હોય અને ઉપરોકત ચુકાદામાં ઠરાવ્યા મુજબ ક.૬૫ ની જોગવાઈ મુજબ પુરવાર કરેલ ન હોય, સદર દસ્તાવેજી પુરાવાઓ વાદીની દાવા અરજીને સમર્થન કરતાં હોવાનુ પુરવાર માની શકાય નહી. વધુમાં વાદી ધ્વારા રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓ ગૌણ પુરાવાઓ સ્વરૂપે રજુ કરેલ હોય તેની અસલ તેમની પાસે હોવાનું માનવાને કારણ છે. એવા સંજોગોમાં નમ.સુપ્રિમ કોર્ટનાં ***MUSAUDDIN AHMED VS. STATE OF ASSAM 2009(0) AIJEL-SC 44123*** ના ચુકાદામાં ઠરાવ્યા મુજબ પક્ષકાર ધ્વારા તેમની પાસે મોજુદ ઉત્તમ/શ્રેષ્ઠ પુરાવાઓ કે જે તકરારી હકીકતોને પુરવાર કરી શકે, તે રજુ કરવાની જવાબદારી રહે છે. જેથી વાદી ધ્વારા રજુ કરવામા આવેલ દસ્તાવેજી પુરાવાઓ શ્રેષ્ઠ પુરાવાઓ નહી, પરંતુ ગૌણ પુરાવાઓ હોય અને વાદી પાસે અસલ દસ્તાવેજો મોજુદ હોવા છતાં પ્રસ્તુત કરેલ ન હોય, એવા સંજોગોમાં વાદી કંપનીના અધિકારીઓ ધ્વારા દાવામાં જણાવેલ હકીકત મુજબ પ્રતિવાદીના માલિકીના ઘરે રેઈડ કરી વિજચોરી પકડેલ હોવાની હકીકત પુરવાર માની શકાય નહી.

(૯) વધુમાં વાદી કંપની દવારા ઈલેકટ્રીસીટી રૂલ્સ અને સપ્લાયકોડ ૨૦૧૫ અન્વયે કાર્યવાહી કરેલ હોય અને રેઈડ દરમ્યાન વાદી કંપનીના કર્મચારીઓ દવારા તે સમયના તે ગામના તલાટી કમ મં ત્રી અથવા ગામના સરપં ચને બોલાવેલા હોય કે તેમને બોલાવવા પ્રયત્ન કરેલ હોય તેવા કોઈ કથનો નથી કે તે તલાટી અને સરપં ચ કે પંચો રૂબરૂ તે મિલકતની માલીકી અં ગે કોઈ ખરાઈ કરેલ હોય તેવો પણ કોઈ પુરાવો રજુ કરેલ નથી હાજર વ્યકિત હાલના પ્રતિવાદી જ હતા અને તેઓની હાજરીમાં તે મિલકતમાં રોજકામ અને ચેકિંગ શીટ ભરેલ હોવાનો પુરાવો રજુ કરેલ નથી. વધુમાં વાદીએ રજુ કરેલ સ્થળ રોજકામમાં માત્ર વાદી કં પનીના કર્મચારીઓની સહી છે, તેમાં કોઈ પંચોની સહી નથી, કે પ્રતિવાદીની સહી નથી કે ગામના કોઈ તટસ્થ વ્યકિતની સહી નથી અને તેવું ચેકિંગ શીટ અને પંચનામુ પુરવાર કરવા રેઈડ કરનાર કર્મચારીને આ કામે તપાસેલા નથી, તેમજ વાદી કંપનીના કર્મચારી દવારા જે રેઈડ કરવામાં આવેલ હોવાનુ જણાવેલ છે તેમાં ઈલેકટ્રીસીટી રૂલ્સ મુજબ ગામના પ્રતિષ્ઠિત વ્યકિતને હાજર રાખેલા હોય તેવુ બનેલ નથી. વધુમાં જે ડી.પી.સી. કેલ્કયુલેશન શીટ રજુ કરેલ છે, તે કોમ્પ્યુટર ઉપર તૈયાર કરવામાં આવેલ હોવાનુ જણાય છે અને જે તૈયાર કરનાર કર્મચારીને આ કામે સોગંદ ઉપર તપાસેલા નથી, તેમજ તેઓ દવારા ડી.પી.સી. કેલ્કયુલેશન માટેની કોઈ ટ્રેનીં ગ મેળવેલ હોય તેવો કોઈ પુરાવો રજુ કરેલ નથી કે પુરાવા અધિનિયમની કલમ ૬૫–બી મુજબનુ

કોઈ પ્રમાણપત્ર તેવા સ્ટેટમેન્ટની ખરાઈ બાબતેનુ રજુ કરેલ નથી. જેથી પ્રતિવાદીના કબજા વાળી જગ્યાએ રેઈડ કરતા તે સમયે પ્રતિવાદી વિજ ચોરી કરતા પકડાયેલ અને જેથી પ્રતિવાદી સામે ફરીયાદ કરેલ અને તે ફરીયાદના કામે પ્રતિવાદીને ગુનેગાર ઠરાવેલ અને તેઓની સીવીલ લાયાબીલીટી નકકી કરવામાં આવેલ અને જે મુજબ આકારણીનુ બીલ બાકી હોવાનુ વાદીએ હકારાત્મક રીતે પોતાના પુરાવાથી પુરવાર કરવા જે પ્રયત્ન કરેલા છે તેમાં વાદી સફળ થયેલા નથી તેમ મારુ માનવુ છે, તેમજ વાદીએ રજુ કરેલ આં ક–૨૭ વાળુ ડીલે પેમેન્ટ ચાર્જીસનુ સ્ટેટમેન્ટ જોતા તેમાં પ્રતિવાદીને તેવા સ્ટેટમેન્ટની જાણ કરેલ હોય, તેવી કોઈ સહી પ્રતિવાદીની હોવાનુ જણાતુ નથી. આમ વાદીના પુરાવાથી પ્રતિવાદી દવારા હળવા દબાણની લાઈનમાં ડાયરેકટ વાયર નાખી ગેરકાયદેસર વીજ ચોરી કરતા રં ગે હાથ પકડાયેલ હોવાનુ માની શકાય તેવો પુરાવો નથી. આમ વાદી વારા રજુ કરેલા પુરાવા ઉપરથી વાદીને હાલનો દાવો દાખલ કરવા કોઈ કાયદેસર કારણ ઉત્પન્ન થયેલ હોવાનુ જણાતુ નથી. વધુમાં વાદી તરફે રજુ થયેલ આં ક–૧૭ થી ૨૯ સુધીના દસ્તાવેજો જે વાદી કંપનીના કર્મચારીઓ દવારા તૈયાર કરેલ છે તે દસ્તાવેજો માત્ર આંક આપવાથી તે પુરવાર થતા હોવાનુ માની શકાય નહી. વધુમાં વાદીએ દસ્તાવેજો રજુ કરેલ છે તેને આં કે પાડવામાં આવેલ છે પરંતે તે સ્ટેટમેન્ટ, આકારણી બીલ, ચેકીંગશીટ, રોજકામ પુરવાર કરતો માની શકાય તેવો સ્વતં ત્ર સાહેદોનો પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. જેથી દાવાના મહત્વના કહી શકાય તેવા તપાસણી અહેવાલ, આકારણી બીલ, સ્થળ રોજકામ, પુરવણી બીલ પુરવાર થતા નથી તેમ મારૂ માનવુ હોય, વાદી પોતાનો દાવો પુરવાર કરી શકેલા નથી તે મારૂ માનવુ છે. સદર કેસમાં ઈલેકટ્રીસીટી એકટની કલમ–૧૩૫ મુજબ સ્પેશીયલ કોર્ટમાં ચોરી પુરવાર થાય તો સીવીલ લાયાબીલીટી સ્પેશીયલ કોર્ટ નકકી કરે છે અને તેને સીવીલ કોર્ટની જેમ અમલમાં મુકવાની હોય છે. તેથી હાલના કેસના સંજોગો જોતા આવી કોઈ ચોરી સ્પેશીયલ કોર્ટ મારફતે પુરવાર થયેલ હોય તેવો કોઈ પુરાવો કે તે કોર્ટે સીવીલ લાયાબીલીટી નકકી કરી હોય તેવો કોઈ પુરાવો વાદીએ હાલના કામે રજુ કરેલ નથી. જેથી વાદી પોતાનો દાવો પુરવાર કરી શકેલા નથી તેમ મારૂ માનવુ હોય **<u>મુદ્દા નં.૧, ૨ અને ૪ નો જવાબ નકારમાં આપુ છું .</u>**

**(૧૦)** વધુમાં હાલના કામે બચાવપક્ષે તેમના જવાબ ધ્વારા જે બચાવ પ્રસ્તુત કરેલ છે તે અનુસંધાને સમર્થનકારી કોઈ દસ્તાવેજી કે મૌખિક પુરાવો રજુ કરવામા આવેલ નથી. પરંતુ વાદી ધ્વારા રજુ કરવામાં આવેલ દસ્તાવેજી તથા મૌખિક પુરાવાઓનું ખંડન કરી વાદી ધ્વારા તેમની દાવા અરજીની હકીકતો પુરવાર કરેલ ન હોવાનું સફળતાપૂર્વક રેકર્ડ પર લાવેલ છે. જેથી જયારે વાદી અરજીની હકીકત મુજબ કરવામા આવેલ રેઈડ પ્રતિવાદીની માલિકીની તથા કબજા–ભોગવટાની મિલકતમાં રેઈડ કરી પ્રતિવાદી ગ્રાહક ન હોવા છતાં તથા વિજ જોડાણ મેળવેલ ન હોવા છતાં વિજચોરી કરતાં હોવાની હકીકત પુરવાર કરેલ ન હોય તથા રજુ કરેલ દસ્તાવેજી પુરાવાઓ ગૌણ પુરાવાઓ સ્વરૂપે રજુ કરેલ હોય દાવા અરજીની હકીકત મુજબ પ્ર

તિવાદી પાસેથી કોઈ રકમ લેણી નીકળતી હોવાનુ પુરવાર માની શકાય નહી. એવા સંજોગોમાં વાદી કંપની ધ્વારા પ્રસ્તુત કરેલ બીલ તથા લીગલ નોટીસ કાયદેસરની હોવાનું પુરવાર માની શકાય નહી. એવા સંજોગોમાં **<u>મુદ્દા નં.૩ હકારમાં ઠરાવુ છુ અને મદ્દા નં.૫ પરત્વેનો આખરમાં જણાવ્યા મુજબનો હુકમ કરવામાં આવે છે.</u>**

**-// હુકમ //-**

૧.વાદીનો દાવો નામંજુર કરવામાં આવે છે.

૨. દાવાનો ખર્ચ પક્ષકારોએ પોત પોતાનો જાતે ભોગવવો.

૩.હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

ઉપરોકત હુકમ આજરોજ તા.૨૦, માહે : નવેમ્બર, સને-૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

મુકામ: લીંબડી.
તારીખ :૨૦-૧૧-૨૦૨૫

મોહિત આર.ત્રિવેદી
અધિક સિવિલ જજ,
લીંબડી.(GJ01575)